Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-12, Issue-1, June-2018

# યુવાનો પર મોબાઈલની અસરો-એક સમાજશાસ્ત્રીય અભ્યાસ (અમદાવાદ શહેરને કેન્દ્રમાં રાખીને)

ડૉ. નિતિનકુમાર કે. જાદવ
સરકારી વિનયન કોલેજ,માંડલ, અમદાવાદ.

❖ **પ્રસ્તાવના**

વિશ્વના તમામ સમાજોના વિકાસ માટે સતત પ્રયત્નશીલ હોય છે. અને પ્રત્યેક સમાજના વિકાસ માટે નવી પેઢી પર ભાર મૂકવામાં આવે છે. આ નવી પેઢીના વિકાસમાં તેના ઘડતરમાં સમાજની વિભિન્ન સંસ્થાઓના મહત્વનો ફાળો જોવા મળે છે. જે નવી પેઢીને આડકતરી રીતે અસર કરે છે. આ સંસ્થામાં કુટુંબ, શાળા, મિત્ર જૂથ, પડોશજૂથ, સંચાર માધ્યમો વિભિન્ન સંસ્થાની અસર જોવા મળે છે. તેમજ વર્તમાન સમયમાં ઔદ્યોગિકરણ, શહેરીકરણના કારણે યુવાનના વિચારો, મૂલ્યો, માન્યતાઓ બદલાયા છે. આજના યુવાનોમાં આધુનિક મૂલ્યો તથા પશ્ચિમીકરણની અસર જોવા મળે છે. વર્તમાન સમયે રોજબરોજનાં જીવનમાં યુવાનો સંચાર માધ્યમોનો ઉપયોગ વધતો જોવા મળે છે. યુવાનો નવી નવી ટેકનોલોજી અને સાધનનો ઉપયોગ કરતા જોવા મળે છે. પ્રસ્તુત અભ્યાસમાં યુવાનો પર મોબાઈલની શું અસરો પડે છે તે તપાસવાનું છે. મોબાઈલના ઉપયોગથી તેમના જીવનમાં કેવા પરિવર્તનો આવ્યા છે તે જાણવાનો છે.

❖ **સંશોધન પ્રશ્ન**

યુવાનો પર મોબાઈલની અસરો એક સમાજશાસ્ત્રીય અભ્યાસ (અમદાવાદ શહેરનાં કેન્દ્રમાં રાખીને)

❖ **સંશોધન હેતુઓ**

પ્રસ્તુત સંશોધનમાં અમદાવાદ શહેરનાં યુવાનો પર મોબાઈલની હકારાત્મક અને નકારાત્મક અસરો જાણવી.

❖ **સંશોધન પદ્ધતિ, પ્રયુક્તિ અને નિદર્શન**

પ્રસ્તુત સંશોધનમાં સમાજશાસ્ત્રમાં પ્રચલિત એવી સર્વેક્ષણ પદ્ધતિમાં સેમ્પલ સર્વે પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જેમાં અમદાવાદ શહેરનાં ૪૦ યુવાનો પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી એકત્ર કરવામાં આવી છે. પ્રસ્તુત અભ્યાસમાં બિનસંભાવનાત્મક નિદર્શનમાં ઉપલબ્ધ નિદર્શન, આકસ્મિક નિદર્શન, હેતુલક્ષી નિદર્શનની રીતનો ઉપયોગ કરી નિદર્શન પસંદ કરવામાં આવ્યું છે. પ્રસ્તુત સંશોધનમાં અમદાવાદ શહેરનાં તમામ વિસ્તારોનો સમાવેશ કરવામાં આવ્યો નથી. પરંતુ વાસણા, પાલડી, વેજલપુર, સરખેજ, સેટેલાઈટ,

નારણપુરા, ઘાટલોડીયા, ગોતા, ચાંદલોડીયા, વાડજ, નવરંગપુરા અને આંબાવાડી વિસ્તારોનો સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રસ્તુત સંશોધનમાં અમદાવાદ શહેરનાં યુવાનો પાસેથી માહિતી એકત્ર કરવામાં આવી છે. માહિતી એકત્રીકરણમાં અમદાવાદ શહેરનાં યુવાનો દ્વારા ખુબ જ સહકાર આપ્યો તથા ખૂબજ શાંતિપૂર્વક સાંભળી અને માહિતી આપી સાથે સાથે આ પ્રકારના સંશોધનનો વધુ અને સારા બનાવવા માટે તેમના સૂચનો પણ આપ્યા ઘણીવાર એવું બનતું કે તેમની પાસે માહિતી મેળવવા જઈએ ત્યારે સમયના અભાવે ના પાડે કે પછી બીજા કોઈ સમયેએ મળવાનું કહેતા પણ એક બાબત સારી હતી કે સમય કાઢી સંપૂર્ણ માહિતી આપતા હતા.

❖ **અભ્યાસનું મહત્વ**

પ્રસ્તુત સંશોધન અમદાવાદ શહેરનાં યુવાનો પર મોબાઈલની અસરો જાણવામાં ઉપયોગી છે. વર્તમાન સમયે યુવાનોમાં વિજ્ઞાન અને ટેકનોલોજીનો પોતાના જીવનમાં કેટલો ઉપયોગ કરે છે તે જાણવામાં પણ ઉપયોગી છે.

❖ **અભ્યાસની મર્યાદા**

પ્રસ્તુત સંશોધનએ ખુબ જ ઓછા સમયમાં પુર્ણ કરેલ છે અને કોઈપણ આર્થિક સહાય વગર પુર્ણ કરેલ છે એટલે કે સમય અને નાણાની મર્યાદા જોવા મળે છે. પ્રસ્તુત સંશોધનના તારણો માત્ર શહેરી યુવાનોને જ લાગું કરી શકાય છે. ગ્રામીણ, આદિવાસી વિસ્તારનાં યુવાનોને લાગુ કરી શકાય નહીં તે પણ એક મર્યાદા છે. પ્રસ્તુત સંશોધનમાં સંચાર માધ્યમોનાં બધા માધ્યમોની અસરો તપાસી નથી તે પણ એક મર્યાદા છે.

**કોષ્ટક નં.-1**

**ઉત્તરદાતાઓની પ્રાથમિક માહિતી**

| ક્રમ | વિગત | પેટા મુદ્દા | સંખ્યા | ટકા |
|---|---|---|---|---|
| 1 | વયજૂથ | 18 થી 25 | 48 | 60.00% |
| | | 26 થી 35 | 32 | 40.00% |
| | કુલ | | 80 | 100.00% |
| 2 | જાતિ | સ્ત્રી | 29 | 36.25% |
| | | પુરૂષ | 51 | 63.75% |
| | કુલ | | 80 | 100.00% |
| 3 | કેટેગરી | એસ.સી. | 11 | 13.75% |
| | | એસ. ટી. | 07 | 08.75% |
| | | ઓ.બી.સી. | 24 | 30.00% |
| | | જનરલ | 38 | 47.50% |
| | કુલ | | 80 | 100.00% |
| 4 | ધર્મ | હિન્દુ | 80 | 100.00% |

| ક્રમ | વિગત | પેટા મુદ્દા | સંખ્યા | ટકા |
|---|---|---|---|---|
| | કુલ | | 80 | 100.00% |
| 5 | વૈવાહિક દરજ્જો | અપરણિત | 62 | 77.50% |
| | | પરણિત | 18 | 22.50% |
| | કુલ | | 80 | 100.00% |
| 6 | શૈક્ષણિક માહિતી | માધ્યમિક શિક્ષણ | 05 | 06.25% |
| | | ઉચ્ચતર માધ્યિક | 15 | 18.75% |
| | | સ્નાતક | 18 | 22.50% |
| | | અનુસ્નાતક | 29 | 36.25% |
| | | પીટીસી | 01 | 01.25% |
| | | બી.એડ્. | 03 | 03.75% |
| | | પીએચ.ડી. | 02 | 02.50% |
| | | એલ.એલ.બી. | 01 | 01.25% |
| | | અન્ય | 06 | 07.50% |
| | કુલ | | 80 | 100.00% |
| 7 | કુટુંબનું સ્વરૂપ | સંયુક્ત | 20 | 25.00% |
| | | વિભક્ત | 60 | 75.00% |
| | | | 80 | 100.00% |

ઉપરોક્ત કોષ્ટક પરથી મળતી માહિતી મુજબ 60.00% ઉત્તરદાતાઓ 18 થી 25 વર્ષની વયના જોવા મળે છે. 40.00% ઉત્તરદાતાઓ 26 થી 35 વર્ષની વયના જોવા મળે છે. 36.25% ઉત્તરદાતાઓ સ્ત્રી જાતિના જોવા મળે છે. 63.75% ઉત્તરદાતાઓ પુરૂષ જાતિના જોવા મળે છે. 13.75% ઉત્તરદાતાઓ એસ.સી. કેટેગરીના જોવા મળે છે. 08.75% ઉત્તરદાતાઓ એસ.ટી. કેટેગરીના જોવા મળે છે. 30.00% ઉત્તરદાતાઓ ઓ.બી.સી. કેટેગરીના જોવા મળે છે. 47.50% ઉત્તરદાતાઓ જનરલ કેટેગરીના જોવા મળે છે. તમામ ઉત્તરદાતાઓ હિન્દુ ધર્મ પાળતા જોવા મળે છે. 77.50% ઉત્તરદાતાઓ અપરણિત જોવા મળે છે. 22.50% ઉત્તરદાતાઓ પરણિત જોવા મળે છે. 06.25% ઉત્તરદાતાઓએ માધ્યમિક શિક્ષણ મેળવેલ છે. 18.75% ઉત્તરદાતાઓએ ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ મેળવેલ છે. 22.50% ઉત્તરદાતાઓએ સ્નાતક કક્ષા સુધીનું શિક્ષણ મેળવેલ છે. 36.25% ઉત્તરદાતાઓએ અનુસ્નાતક કક્ષા સુધીનું શિક્ષણ મેળવેલ છે. 01.25% ઉત્તરદાતાઓએ પી.ટી.સી. સુધીનું શિક્ષણ મેળવેલ છે. 03.75% ઉત્તરદાતાઓએ બી.એડ્. સુધીનું શિક્ષણ મેળવેલ છે. 02.50% ઉત્તરદાતાઓએ પીએચ.ડી. સુધીનું શિક્ષણ મેળવેલ છે. 01.25% ઉત્તરદાતાઓએ એલ.એલ.બી. સુધીનું શિક્ષણ મેળવેલ છે.

**કોષ્ટક નં.-2**

**યુવાનો પર મોબાઈલની અસરો**

| ક્રમ | વિગત | પેટામુદ્દા | સંખ્યા | ટકા% |
|---|---|---|---|---|
| 1 | તમે કેટલા સીમકાર્ડનો ઉપયોગ કરો છો ? | 1 સીમકાર્ડ | 09 | 11.25% |
| | | 2 સીમકાર્ડ | 45 | 56.25% |
| | | 3 સીમકાર્ડ | 19 | 23.75% |
| | | 4 કે તેથી વધુ | 07 | 08.75% |
| | કુલ | | 80 | 100.00% |
| 2 | તમે કઈ કંપનીના મોબાઈલ ફોનનો ઉપયોગ કરો છો ? | સેમસંગ | 27 | 33.75% |
| | | નોકીયા | 05 | 06.25% |
| | | સોની | 07 | 08.75% |
| | | મેક્સ | 03 | 03.75% |
| | | એલજી | 04 | 05.00% |
| | | બ્લેકબેરી | 02 | 02.50% |
| | | માઈક્રોમેક્સ | 02 | 02.50% |
| | | મોટોરોલા | 05 | 06.25% |
| | | જીયોની | 06 | 07.50% |
| | | એમ.આઈ. | 14 | 17.50% |
| | | ઈનટેક્સ | 04 | 05.00% |
| | | પેનાસોનીક | 02 | 02.50% |
| | કુલ | | 80 | 100.00% |
| 3 | વાહન ચલાવતા ફોનનો ઉપયોગ કરો છો? | હા | 32 | 40.00% |
| | | ના | 48 | 60.00% |
| | | | 80 | 100.00% |
| 4 | તમે મોબાઈલમાં સોશીયલ મીડીયાનો ઉપયોગ કરો છો ? | હા | 57 | 71.25% |
| | | ના | 23 | 18.75% |
| | | | 80 | 100.00% |
| 5 | તમારી પાસે મોબાઈલ ન હતો ત્યારે કેવી રીતે સંપર્ક કરતા હતા. | ટેલીફોનથી | 46 | 57.50% |
| | | પોસ્ટકાર્ડથી | 12 | 15.00% |
| | | રૂબરૂ મુલાકાતથી | 09 | 11.25% |
| | | અન્ય પાસે સંદેશો મોકલતા | 06 | 07.50% |
| | કુલ | | 80 | 100.00% |

| ક્રમ | વિગત | પેટામુદ્દા | સંખ્યા | ટકા% |
|---|---|---|---|---|
| 6 | તમારો ફોન બીજું કોઈ ઉપયોગ કરે તો તમને ગમે છે ? | હા | 11 | 13.75% |
| | | ના | 69 | 86.25% |
| | કુલ | | 80 | 100.00% |
| 7 | તમે મોબાઈલ કયા કારણોથી બદલો છો ? | શોખના લીધે | 31 | 38.75% |
| | | બગડે કે તુટે એટલે | 18 | 22.50% |
| | | જુનો થાય એટલે | 27 | 33.75% |
| | | અન્ય | 04 | 05.00% |
| | કુલ | | 80 | 100.00% |
| 8 | મોબાઈલ વપરાશનાં લીધે તમારે ઘરનાં સભ્યો સાથે ક્યારેય તકરાર થઈ છે? | હા | 54 | 67.50% |
| | | ના | 26 | 32.50% |
| | કુલ | | 80 | 100.00% |
| 9 | તમારા મતે મોબાઈલની સમાજ પર કેવી અસર થાય છે? | સારી | 64 | 80.00% |
| | | ખરાબ | 16 | 20.00% |
| | કુલ | | | 100.00% |

ઉપરોક્ત કોષ્ટક પરથી મળતી માહિતી મુજબ 11.25% ઉત્તરદાતાઓ 1 સીમકાર્ડનો ઉપયોગ કરે છે. 56.25% ઉત્તરદાતાઓ 2 સીમકાર્ડનો ઉપયોગ કરે છે. 23.75% ઉત્તરદાતાઓ 3 સીમકાર્ડનો ઉપયોગ કરે છે. 08.75% ઉત્તરદાતાઓ 4 કે તેથી વધુ સીમકાર્ડનો ઉપયોગ કરે છે. 33.75% ઉત્તરદાતાઓ સેમસંગ કંપનીના મોબાઈલનો ઉપયોગ કરે છે. 6.25% ઉત્તરદાતાઓ નોકીયા કંપનીના મોબાઈલનો ઉપયોગ કરે છે. 8.75% ઉત્તરદાતાઓ સોની કંપનીના મોબાઈલનો ઉપયોગ કરે છે. 03.75% ઉત્તરદાતાઓ મેક્સ કંપનીના મોબાઈલનો ઉપયોગ કરે છે. 05.00% ઉત્તરદાતાઓ એલજી કંપનીના મોબાઈલનો ઉપયોગ કરે છે. 02.50% ઉત્તરદાતાઓ બ્લેકબેરી કંપનીના મોબાઈલનો ઉપયોગ કરે છે. 02.50% ઉત્તરદાતાઓ માઈક્રોમેક્સ કંપનીના મોબાઈલનો ઉપયોગ કરે છે. 06.25% ઉત્તરદાતાઓ મોટોરોલા કંપનીનો મોબાઈલનો ઉપયોગ કરે છે. 07.50% ઉત્તરદાતાઓ જીયોની કંપનીના મોબાઈલનો કરે છે. 17.50% ઉત્તરદાતાઓ એમ.આઈ. કંપનીના મોબાઈલનો ઉપયોગ કરે છે. 05.00% ઉત્તરદાતાઓ ઈન્ટેક્સ કંપનીના મોબાઈલનો ઉપયોગ કરે છે. 02.50% ઉત્તરદાતાઓ પેનાસોનીક કંપનીના મોબાઈલનો ઉપયોગ કરે છે. 40.00% ઉત્તરદાતાઓ વાહન ચલાવતા ફોનનો ઉપયોગ કરે છે. 60.00% ઉત્તરદાતાઓ વાહન ચલાવતા ફોનનો ઉપયોગ કરતા નથી. 71.25% ઉત્તરદાતાઓ મોબાઈલમાં સોશીયલ મીડીયાનો ઉપયોગ કરે છે. 18.75% ઉત્તરદાતાઓ મોબાઈલમાં સોશીયલ મીડીયાનો ઉપયોગ કરતા નથી. 57.50% ઉત્તરદાતાઓ પાસે મોબાઈલ ન હતો ત્યારે ટેલીફોનથી સંપર્ક કરતા હતા. 15.00% ઉત્તરદાતાઓ પાસે મોબાઈલ ન હતો ત્યારે

પોસ્ટકાર્ડથી સંપર્ક કરતા હતા. 11.25% ઉત્તરદાતાઓ પાસે મોબાઈલ ન હતો ત્યારે રૂબરૂ મુલાકાતથી સંપર્ક કરતા હતા. 07.50% ઉત્તરદાતાઓ પાસે મોબાઈલ ન હતો ત્યારે અન્ય પાસે સંદેશો મોકલી સંપર્ક કરતા હતા. 13.75% ઉત્તરદાતાઓને તેમનો ફોન બીજું કોઈ ઉપયોગ કરે તો તેમને ગમતું હતું. 86.25% ઉત્તરદાતાઓને તેમનો ફોન બીજું કોઈ ઉપયોગ કરે તો તેમને તે ગમતું ન હતું. 38.75% ઉત્તરદાતાઓ શોખના લીધે મોબાઈલ બદલે છે. 22.50% ઉત્તરદાતાઓ બગડે કે ટુટે એટલે મોબાઈલ બદલે છે. 33.75% ઉત્તરદાતાઓ જુનો થાય એટલે મોબાઈલ બદલે છે. 05.00% ઉત્તરદાતાઓ અન્ય કારણોથી મોબાઈલ બદલે છે. 67.50% ઉત્તરદાતાઓને મોબાઈલ વપરાશનાં લીધે ઘરનાં સભ્યો સાથે ક્યારેક તકરાર થઈ છે. 32.50% ઉત્તરદાતાઓને મોબાઈલ વપરાશનાં લીધે ઘરનાં સભ્યો સાથે ક્યારેય તકરાર થઈ નથી. 80.00% ઉત્તરદાતાઓને મતે મોબાઈલની સમાજ પર સારી અસર થાય છે. 20.00% ઉત્તરદાતાઓને મતે મોબાઈલની સમાજ પર ખરાબ અસર થાય છે.

❖ **અભ્યાસના તારણો**

- પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાની ઉંમરની વિગતો તપાસતા 60.00% ઉત્તરદાતાઓ 18 થી 25 વર્ષની વયના જોવા મળે છે. 40.00% ઉત્તરદાતાઓ 26 થી 35 વર્ષની વયના જોવા મળે છે.
- પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાઓની જાતી અંગેની વિગતો તપાસતા 36.25% ઉત્તરદાતાઓ સ્ત્રી જાતીના જોવા મળે છે. 63.75% ઉત્તરદાતાઓ પુરૂષ જાતીના જોવા મળે છે.
- પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાઓ કઈ કેટેગરીમાંથી આવે છે તેની વિગતો તપાસતા 13.75% ઉત્તરદાતાઓ એસ.સી. કેટેગરીના જોવા મળે છે. 08.75% ઉત્તરદાતાઓ એસ.ટી. કેટેગરીના જોવા મળે છે. 30.00% ઉત્તરદાતાઓ ઓ.બી.સી. કેટેગરીના જોવા મળે છે. 47.50% ઉત્તરદાતાઓ જનરલ કેટેગરીના જોવા મળે છે.
- પ્રસ્તુત અભ્યાસમાં તમામ ઉત્તરદાતાઓ હિન્દુ ધર્મ પાળતા જોવા મળે છે.
- પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાનો વૈવાહિક દરજ્જો તપાસતા 77.50% ઉત્તરદાતાઓ અપરીણિત જોવા મળે છે. 22.50% ઉત્તરદાતાઓ પરીણિત જોવા મળે છે.
- પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાની શૈક્ષણિક માહિતી તપાસતા 06.25% ઉત્તરદાતાઓ માધ્યમિક શિક્ષણ મેળવેલ છે. 18.75% ઉત્તરદાતાઓએ ઉચ્ચતર માધ્યમિક શિક્ષમ મેળવેલ છે. 22.50% ઉત્તરદાતાઓએ સ્નાતક કક્ષા સુધીનું શિક્ષણ મેળવેલ છે. 36.25% ઉત્તરદાતાઓએ અનુસ્નાતક કક્ષા સુધીનું શિક્ષણ મેળવેલ છે. 01.25% ઉત્તરદાતાઓએ પી.ટી.સી. સુધીનું શિક્ષણ મેળવેલ છે. 03.75% ઉત્તરદાતાઓએ બી.એડ્. સુધીનું શિક્ષણ મેળવેલ છે. 02.50% ઉત્તરદાતાઓએ પીએચ.ડી. સુધીનું શિક્ષણ મેળવેલ છે. 01.25% ઉત્તરદાતાઓએ એલ.એલ.બી. સુધીનું શિક્ષણ મેળવેલ છે. 07.50% ઉત્તરદાતાઓએ અન્ય શિક્ષણ મેળવેલ છે.
- પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાની રહેઠાણનાં વિસ્તારની વિગતો તપાસતા 11.25% ઉત્તરદાતાઓ વેજલપુર વિસ્તારનાં છે. 06.25% ઉત્તરદાતાઓ સરખેજ વિસ્તારનાં છે. 10.00% ઉત્તરદાતાઓ સેટેલાઈટ વિસ્તારનાં છે. 07.50% ઉત્તરદાતાઓ નારણપુરા વિસ્તારનાં છે. 11.25%

ઉત્તરદાતાઓ પાલડી વિસ્તારનાં છે. 10.00% ઉત્તરદાતાઓ વાસણા વિસ્તારનાં છે. 05.00% ઉત્તરદાતાઓ ઘાટલોડીયા વિસ્તારનાં છે. 05.00% ઉત્તરદાતાઓ ગોતા વિસ્તારનાં છે. 03.75% ઉત્તરદાતાઓ ચાંદલોડીયા વિસ્તારનાં છે. 08.75% ઉત્તરદાતાઓ વાડજ વિસ્તારનાં છે. 11.25% ઉત્તરદાતાઓ નવરંગપુરા વિસ્તારનાં છે. 10.00% ઉત્તરદાતાઓ આંબાવાડી વિસ્તારનાં છે.

- પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતા કઈ કંપનીના સીમકાર્ડનો ઉપયોગ કરે છે તેની વિગતો તપાસતા 22 ઉત્તરદાતાઓ રીલાયન્સ કંપનીના સીમકાર્ડનો ઉપયોગ કરે છે. 19 ઉત્તરદાતાઓ બી.એસ.એન.એલ. કંપનીના સીમકાર્ડનો ઉપયોગ કરે છે. 42 ઉત્તરદાતાઓ આઈડીયા કંપનીના સીમકાર્ડનો ઉપયોગ કરે છે. 39 ઉત્તરદાતાઓ યુનીનોર (ટેલીનોર) કંપનીના સીમકાર્ડનો ઉપયોગ કરે છે. 29 ઉત્તરદાતાઓ એરટેલ કંપનીના સીમકાર્ડનો ઉપયોગ કરે છે. 36 ઉત્તરદાતાઓ વોડાફોન કંપનીના સીમકાર્ડનો ઉપયોગ કરે છે. 14 ઉત્તરદાતાઓ ટાટા કંપનીના સીમકાર્ડનો ઉપયોગ કરે છે. (નોંધ એક કરતા વધુ જવાબ મળેલ છે.)
- પ્રસ્તુત અભ્યાસમાં 11.25% ઉત્તરદાતાઓ 1 સીમકાર્ડનો ઉપયોગ કરે છે. 56.25% ઉત્તરદાતાઓ 2 સીમકાર્ડનો ઉપયોગ કરે છે. 23.75% ઉત્તરદાતાઓ 3 સીમકાર્ડનો ઉપયોગ કરે છે. 08.75% ઉત્તરદાતાઓ 4 કે તેથી વધુ સીમકાર્ડનો ઉપયોગ કરે છે.
- પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાઓ કઈ કંપનીના મોબાઈલ ફોનનો ઉપયોગ કરે છે તેની વિગતો તપાસતા 33.75% ઉત્તરદાતાઓ સેમસંગ કંપનીના મોબાઈલનો ઉપયોગ કરે છે. 6.25% ઉત્તરદાતાઓ નોકીયા કંપનીના મોબાઈલનો ઉપયોગ કરે છે. 8.75% ઉત્તરદાતાઓ સોની કંપનીના મોબાઈલનો ઉપયોગ કરે છે. 03.75% ઉત્તરદાતાઓ મેક્સ કંપનીના મોબાઈલનો ઉપયોગ કરે છે. 05.00% ઉત્તરદાતાઓ એલજી કંપનીના મોબાઈલનો ઉપયોગ કરે છે. 02.50% ઉત્તરદાતાઓ બ્લેકબેરી કંપનીના મોબાઈલનો ઉપયોગ કરે છે. 02.50% ઉત્તરદાતાઓ માઈક્રોમેક્સ કંપનીના મોબાઈલનો ઉપયોગ કરે છે. 06.25% ઉત્તરદાતાઓ મોટોરોલા કંપનીના મોબાઈલનો ઉપયોગ કરે છે. 07.50% ઉત્તરદાતાઓ જીયોની કંપનીના મોબાઈલનો ઉપયોગ કરે છે. 17.50% ઉત્તરદાતાઓ એમ.આઈ.કંપનીના મોબાઈલનો ઉપયોગ કરે છે. 05.00% ઉત્તરદાતાઓ ઈન્ટેક્સ કંપનીના મોબાઈલનો ઉપયોગ કરે છે. 02.50% ઉત્તરદાતાઓ પેનાસોનીક કંપનીના મોબાઈલનો ઉપયોગ કરે છે.
- પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાઓ મહિને કેટલા રૂપિયાનું રીચાર્જ કરાવે છે તેની વિગતો તપાસતા 45.00% ઉત્તરદાતાઓ 100 થી 200 રૂપિયા સુધીનું રીચાર્જ કરાવે છે. 40.00% ઉત્તરદાતાઓ 200 થી 400 રૂપિયા સુધીનું રીચાર્જ કરાવે છે. 15.00% ઉત્તરદાતાઓ 500 રૂપિયા કે તેથી વધુ સુધીનું રીચાર્જ કરાવે છે.
- પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાઓ વાહન ચલાવતા મોબાઈલ ફોન પર વાત કરે છે તેની વિગતો તપાસતા 40.00% ઉત્તરદાતાઓ વાહન ચલાવતા ફોનનો ઉપયોગ કરે છે. 60.00% ઉત્તરદાતાઓ વાહન ચલાવતા ફોનનો ઉપયોગ કરતા નથી. જે ઉત્તરદાતાઓ વાહન ચલાવતા

ફોનનો ઉપયોગ કરે છે તે કોઈ વાર અકસ્માત થયો કે થતા બચી ગયા હોય તેમ 11.25% ઉત્તરદાતાઓ જણાવે છે.

- પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાઓ રાત્રે કેટલા વાગ્યા સુધી મોબાઈલ ફોનનો ઉપયોગ કરે છે તેની વિગતો તપાસતા 02.50% ઉત્તરદાતાઓ રાત્રે 09 વાગ્યા સુધી મોબાઈલ ફોનનો ઉપયોગ કરે છે. 07.50% ઉત્તરદાતાઓ રાત્રે 10 થી 11 વાગ્યા સુધી મોબાઈલ ફોનનો ઉપયોગ કરે છે. 56.25% ઉત્તરદાતાઓ રાત્રે 11 થી 12 વાગ્યા સુધી મોબાઈલ ફોનનો ઉપયોગ કરે છે. 33.75% ઉત્તરદાતાઓ રાત્રે 12 થી 2 વાગ્યા સુધી મોબાઈલ ફોનનો ઉપયોગ કરે છે.
- પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાઓ રાત્રે કઈ રીતે મોબાઈલ ફોનનો ઉપયોગ કરે છે તેની વિગતો તપાસતા 05.00% ઉત્તરદાતાઓ ટેલીફોનીક વાતચીત દ્વારા, 18.75% ઉત્તરદાતાઓ મેસેજથી, 75.00% ઉત્તરદાતાઓ સોશીયલ મીડીયા દ્વારા અને 01.25% ઉત્તરદાતાઓ અન્ય રીતે રાત્રે મોબાઈલનો ઉપયોગ કરે છે.
- પ્રસ્તુત અભ્યાસમાં તમારા મતે વિદ્યાર્થીઓએ મોબાઈલ ફોનનો ઉપયોગ કરવો જોઈએ તેની વિગતો તપાસતા 56.25% ઉત્તરદાતાઓના મતે વિદ્યાર્થીઓએ મોબાઈલ ફોનનો ઉપયોગ કરવો જોઈએ. જ્યારે 43.75% ઉત્તરદાતાઓના મતે વિદ્યાર્થીઓએ મોબાઈલ ફોનનો ઉપયોગ ન કરવો જોઈએ કે મોબાઈલ ફોનથી દૂર રહેવું જોઈએ.
- પ્રસ્તુત અભ્યાસમાં તમે કેટલા સમયથી મોબાઈલ ફોનનો ઉપયોગ કરો છો તેની વિગતો તપાસતા 60.00% ઉત્તરદાતાઓ 1 થી 5 વર્ષથી મોબાઈલ ફોનનો ઉપયોગ કરે છે. 31.25% ઉત્તરદાતાઓ 6 થી 10 વર્ષથી મોબાઈલ ફોનનો ઉપયોગ કરે છે. 08.75% ઉત્તરદાતાઓ 11 કે તેથી વધુ વર્ષથી મોબાઈલ ફોનનો ઉપયોગ કરે છે.
- પ્રસ્તુત અભ્યાસમાં 78.75% ઉત્તરદાતાઓ મોબાઈલમાં ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે. 21.25% ઉત્તરદાતાઓ મોબાઈલમાં ઈન્ટરનેટનો ઉપયોગ કરતા નથી.
- પ્રસ્તુત અભ્યાસમાં 77.50% ઉત્તરદાતાઓ મોબાઈલમાં સોશીયલ મીડીયાનો ઉપયોગ કરે છે. 22.50% ઉત્તરદાતાઓ મોબાઈલમાં સોશીયલ મીડીયાનો ઉપયોગ કરતા નથી.
- પ્રસ્તુત અભ્યાસમાં 86.00% ઉત્તરદાતાઓ મોબાઈલમાં ગેમનો ઉપયોગ કરે છે કે મોબાઈલમાં ગેમ રમે છે. 13.75% ઉત્તરદાતાઓ મોબાઈલમાં ગેમનો ઉપયોગ કરતા નથી કે મોબાઈલમાં ગેમ રમતા નથી.
- પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાઓ પાસે મોબાઈલ ન હતો ત્યારે કેવી રીતે સંપર્ક કરતા હતા તેની વિગતો તપાસતા 57.50% ઉત્તરદાતાઓ પાસે મોબાઈલ ન હતો ત્યારે ટેલીફોનથી સંપર્ક કરતા હતા. 15.00% ઉત્તરદાતાઓ પાસે મોબાઈલ ન હતો ત્યારે પોસ્ટકાર્ડથી સંપર્ક કરતા હતા. 11.25% ઉત્તરદાતાઓ પાસે મોબાઈલ ન હતો ત્યારે રૂબરૂ મુલાકાતથી સંપર્ક કરતા હતા. 07.50% ઉત્તરદાતાઓ પાસે મોબાઈલ ન હતો ત્યારે અન્ય પાસે સંદેશો મોકલી સંપર્ક કરતા હતા.

- પ્રસ્તુત અભ્યાસમાં મોબાઈલ આપણા જીવન માટે જરૂરી છે તેની વિગતો તપાસતા 93.75% ઉત્તરદાતાઓના મતે મોબાઈલ આપણા જીવન માટે જરૂરી છે. 06.25% ઉત્તરદાતાઓના મતે મોબાઈલ આપણા જીવન માટે જરૂરી નથી.
- પ્રસ્તુત અભ્યાસમાં તમારો ફોન બીજું કોઈ ઉપયોગ કરે તો તમને ગમશે તેની વિગતો તપાસતા 13.75% ઉત્તરદાતાઓને તેમના ફોન બીજું કોઈ ઉપયોગ કરે તો તે તેમને ગમતું. 86.25% ઉત્તરદાતાઓને તેમનો ફોન બીજું કોઈ ઉપયોગ કરે તો તેમને તે ગમતું ન હતું.
- તમે કેટલા સમયે મોબાઈલ બદલો છો તેની વિગતો તપાસતા 20.00% ઉત્તરદાતાઓ 1 વર્ષે મોબાઈલ બદલે છે. 25.00% ઉત્તરદાતાઓ 2 વર્ષે મોબાઈલ બદલે છે. 13.75% ઉત્તરદાતાઓ 3 વર્ષે મોબાઈલ બદલે છે. 18.75% ઉત્તરદાતાઓ 4 વર્ષે મોબાઈલ બદલે છે. 07.50% ઉત્તરદાતાઓ 5 વર્ષે મોબાઈલ બદલે છે. અને 15.00% ઉત્તરદાતાઓ બગડે કે ટુટે એટલે મોબાઈલ બદલે છે.
- પ્રસ્તુત અભ્યાસમાં 38.75% ઉત્તરદાતાઓ શોખના લીધે મોબાઈલ બદલે છે. 22.50% ઉત્તરદાતાઓ બગડે કે ટુટે એટલે મોબાઈલ બદલે છે. 33.75% ઉત્તરદાતાઓ જુનો થાય એટલે મોબાઈલ બદલે છે. 05.00% ઉત્તરદાતાઓ અન્ય કારણોથી મોબાઈલ બદલે છે.
- પ્રસ્તુત અભ્યાસમાં 67.50% ઉત્તરદાતાઓને મોબાઈલ વપરાશનાં લીધે ઘરનાં સભ્યો સાથે ક્યારેક તકરાર થઈ છે. 32.50% ઉત્તરદાતાઓને મોબાઈલ વપરાશનાં લીધે ઘરનાં સભ્યો સાથે ક્યારેય તકરાર થઈ નથી.
- પ્રસ્તુત અભ્યાસમાં મોબાઈલ ઉપયોગને લીધે તમારા કુટુંબમાં કોઈ સમસ્યાઓ કે પ્રશ્નો થાય છે તેની વિગતો તપાસતા 11.25% ઉત્તરદાતાઓના મતે મોબાઈલ ઉપયોગના લીધે તેમના કુટુંબમાં કોઈ સમસ્યાઓ કે પ્રશ્નો થાય છે. જ્યારે 88.75% ઉત્તરદાતાઓના મતે મોબાઈલ ઉપયોગના લીધે તેમના કુટુંબમાં કોઈ સમસ્યા કે પ્રશ્નો થતા નથી.
- પ્રસ્તુત અભ્યાસમાં મોબાઈલ ઉપયોગને લીધે તમને શૈક્ષણિક નુકશાન થયું છે તેની વિગતો તપાસતા 77.50% ઉત્તરદાતાઓના મતે મોબાઈલ ઉપયોગને લીધે તમને શૈક્ષણિક નુકશાન થયું નથી. 22.50% ઉત્તરદાતાઓના મતે મોબાઈલ ઉપયોગને લીધે તેમને શૈક્ષમિક નુકશાન થયું છે.
- તમને લાગે છે કે મોબાઈલનાં ઉપયોગને લીધે લોકો સાઈબર કાફેનો ઓછો ઉપયોગ કરે છે તેની વિગતો તપાસતા 67.50% ઉત્તરદાતાઓના મતે મોબાઈલનાં ઉપયોગની લીધે લોકો સાઈબર કાફેનો ઓછો ઉપયોગ કરે છે. જ્યારે 32.50% ઉત્તરદાતાઓના મતે મોબાઈલનાં ઉપયોગને લીધે લોકો સાઈબર કાફેના ઉપયોગ પર કોઈ પણ અસર થઈ નથી અને લોકો મોબાઈલ હોવા છતા સાઈબર કાફેનો ઉપયોગ કરે છે.
- પ્રસ્તુત અભ્યાસમાં મોબાઈલ તમારા માટે સારો કે ખરાબ તેની વિગતો તપાસતા 97.50% ઉત્તરદાતાઓના મતે મોબાઈલ તેમના માટે સારો છે. 02.50% ઉત્તરદાતાઓના મતે મોબાઈલ તેમના માટે ખરાબ છે.

➢ પ્રસ્તુત અભ્યાસમાં મોબાઈલની સમાજ પર શું અસર થાય છે તેની વિગતો તપાસતા 80.00% ઉત્તરદાતાઓને મતે મોબાઈલની સમાજ પર સારી અસર થાય છે. 20.00% ઉત્તરદાતાઓને મતે મોબાઈલની સમાજ પર ખરાબ અસર થાય છે.

**સંદર્ભસૂચિ**


1. Amanda Tariang, (2014), "A Study on Mobile Phone Addiction Among College Going Students in Shillong", Shillong (Unpublished).
2. Bhatt Mayank, (2008), "A Study of Mobile Phone Usage Among the Post Graduate Students.", Indian Journal of Marketing, PP 13-21.
3. Campbell, M., (2005), "The Impact of The Mobile Phone on Young People's Social Life", In Social Change in The 21st Century, Queensland University of Technology.
4. Federal Reserve Bank (2012), "Consumers and Mobile Financial Services : A Survey", (www.federalreserve.gov).
5. Katz., J. (2006) Magi in the Air : Mobile Communication and The Transformation of Social Life, Transaction Publishers, New Jersey.
6. Kotler Philip, Roberto Ned and Lee Nancy, (2002), "Social Marketing Improving the Quality of Life", Sage Publications, California.
7. Yang Hui-Jen and Lay Yun-Long, (2011), Factors Affecting College Student's Mobile Phone Dependence and Anxiety. Proceedings of the World Congress on Engineering and Computer Science, Vol. II.
8. અહિલ્યા તિવારી, (2014), "સમાજ પર મોબાઈલ ફોન કે પ્રભાવ કા એક અધ્યયન", રાયપુર (અપ્રકાશીત શોધ નિબંધ)
9. જાદવ નિતિનકુમાર, (2011-12), "યુવાનો અને સમાજ એક સમાજશાસ્ત્રીય અભ્યાસ", (અપ્રકાશીત લઘુશોધ નિબંધ), અમદાવાદ.
10. દેસાઈ, હરિભાઈ જી., દેસાઈ કૃષ્ણકાંત જી., (1985), "સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ", યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.
11. શાહ વિમલ, (1985), "સંશોધન ડિઝાઈન", યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.
12. wikipedia.org – https://gu.m.wikipedia.org